# નિવેદન

"સમ્યક્-પ્રભા" નામના આ પુસ્તકનો વિષય તત્ત્વદૃષ્ટિએ અતિ ગંભીર અને રહસ્યપૂર્ણ છે. તેમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસારની ગાથા ૯૯ થી ૧૦૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ જે સૂક્ષ્મ ન્યાયયુક્ત અપૂર્વ પ્રવચનો અગાઉ આપ્યાં હતાં અને જે "પ્રવચનપ્રસાદ" તથા "આત્મધર્મ"માં અગાઉ છપાઈ ગયાં છે તે શબ્દશઃ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે.

ઉપરોક્ત ગાથાઓમાં આચાર્યદેવે શ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંત---ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું સ્વરૂપ અદ્ભુત રીતે વર્ણવ્યું છે તે ગાથાઓ પૈકી ગાથા ૯૯ની ટીકામાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે વિસ્તારક્રમ અને પ્રવાહક્રમનું અલૌકિક રીતે સ્પષ્ટીકરણ કર્યું છે તથા દરેક પરિણામ સ્વકાળમાં પોતાના રૂપે ઊપજે છે તે સિદ્ધ કર્યું છે, ગાથા ૧૦૦ માં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એક જ સમયે હોય છે, તેમનો અવિનાભાવ સંબંધ છે એમ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. વળી કોઈ પણ દ્રવ્યનો એકલો ઉત્પાદ, એકલો વ્યય કે એકલું ધ્રૌવ્ય માનવામાં આવે તો અનેક પ્રકારના દોષો આવે છે એમ પણ દર્શાવ્યું છે; અને ગાથા ૧૦૧માં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કર્યું છે.

આ ગાથાઓનો વિષય ગહન હોવા છતાં પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમની સુબોધ અને સુસ્પષ્ટ શૈલીથી તે સરસ રીતે સમજાવેલ છે તે બદલ તેમનો અત્યંત ઉપકાર માનીએ છીએ.

આવા સુંદર પ્રવચનો સદ્ધર્મપ્રેમી ભાઈશ્રી જયંતિલાલ ભણસાલીના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી પ્રગટ કરવામાં આવ્યાં છે તે બદલ તેમને ધન્યવાદ.

આ પ્રવચનોમાં દર્શાવેલ વસ્તુસ્વરૂપને યથાર્થપણે સમજી વિચારી મુમુક્ષુઓ નિજ આત્મામાં 'સમ્યક્—પ્રભા' પ્રગટ કરો એવી ભાવના.

સોનગઢ — રામજી માણેકચંદ દોશી

તા. ૨૫-૧૨-૭૨ — ભૂતપૂર્વ પ્રમુખ

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ (સૌરાષ્ટ્ર)

આચાર્યદેવે ન્યાય અને યુક્તિપૂર્વક વસ્તુસ્વરૂપ સિદ્ધ કર્યું છે. દ્રવ્ય પોતે જ ઉપજતું નથી, દ્રવ્ય પોતે જ નાશ પામતું નથી અને દ્રવ્ય પોતે જ ધ્રુવ રહેતું નથી, પણ તેના અંશનો વ્યય છે ને અંશની ધ્રુવતા છે. એટલે તે ઉત્પાદ-વ્યય ને ધ્રુવ અંશોનાં (—પર્યાયોનાં) છે, ને તે પર્યાયો દ્રવ્યના છે. આથી બધુંય એક જ દ્રવ્ય છે.

* પ્રથમ શરીરાદિ પુદ્‌ગલોથી આત્માને સ્પષ્ટ જુદો માનવો, જાણવો ને અનુમાનથી અનુભવવો.
* રાગાદિ પરિણામથી આત્મા અત્યંત જુદો છે. તેમ માનવું.
* વ્યવહાર રત્નત્રયના ગમે તેવા શુભ પરિણામથી આત્માને અનુભવ થવાનો નથી તેમ દઢ શ્રદ્ધા કરવી.
* સમયે સમયે પ્રગટ થતું જ્ઞાન જ જ્યારે એકલા શુદ્ધ આત્માને લક્ષ કરી એકાગ્ર થાય ત્યારે જ આત્માનો અનુભવ થાય છે.

